# ૩૦ કલાક પછી પણ મોડાસાની ૧૦થી વધુ સોસાયટી જળ તરબોળ

## ભરાયેલા પાણી ઠેરના ઠેર રહેતાં નગરપાલિકાની કામગીરી સામે રહીશોનો રોષ, વરસાદે પ્રિમોન્સૂન પ્લાનના ધજાગરા ઉડાડ્યા

મોડાસા, તા. ૩૦

મોડાસાની વિદ્યાકુંજ સોસાયટી, ગીતાંજલી સોસાયટી, મેઘરજ રોડની પ્રણામીનગર, કોલેજ રોડની હુસેની સોસાયટી અને માલપુર રોડની માનવપાર્ક, ચિત્રકૂટ સહિત ૧૦થી વધુ રહેણાંક સોસાયટીમાં વરસાદી પાણી ભરાયાના ૩૦ કલાક પછી પણ સ્થિતિ જૈસે થે રહેતાં સ્થાનિક રહીશોમાં પાણી નિકાલ કરવામાં નિષ્ફળ પુરવાર થયેલા પાલિકા તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો હતો.



સોમવારે રાતથી શરૂ થયેલા ભારે વરસાદથી મોડાસાના વિદ્યાકુંજ, રત્નમ, રામપાર્ક, શુભ-લાભ ફ્લેટ સહિતના રહેણાંક વિસ્તારોના મુખ્ય માર્ગ ઉપર ઢીંચણસમા પાણી ભરાઈ ગયા હતા. પાણી નિકાલ માટે ગટર લાઈનો બનાવવા પાછળ કરોડો રૂપિયા ખર્ચવા છતાં આ વર્ષે પણ પાણી ભરાઈ રહેતાં ખર્ચ પાણીમાં ધોવાઈ ગયો હતો. છેલ્લા બે દિવસથી વિદ્યાકુંજ, ગીતાંજલી, પ્રણામીનગર, હુસેની સોસાયટી, માનવપાર્ક અને ચિત્રકૂટ સહિતની ૧૦ સોસાયટીઓ, નીચાણવાળા ભાગોમાં હજીયે પાણી ભરાયેલા રહેતાં રહીશોએ હાલાકીનો ભોગ બનવું પડ્યું હતું.

નગરપાલિકાના મુખ્ય અધિકારી હરીશ અગ્રવાલના જણાવ્યા મુજબ જ્યાં પાણી ભરાયા છે તે રહેણાંક વિસ્તારોમાં પાણી નિકાલ માટે કાચી કેનાલ બનાવવાથી માંડી પાણી ખેંચવાની કામગીરી જુદી જુદી ટીમો દ્વારા હાથ ધરાઈ છે. પરંતુ જમીન પોચી થતાં જેસીબી ફસાઈ જવાથી કેટલાક સ્થળોએ રૂકાવટ આવી રહી છે. આરાધના સોસાયટીના ભાગેથી પંપ-મોટરથી પાણી ખેંચી વિદ્યાકુંજનો પ્રશ્ન હલ કરાઈ રહ્યો છે. પરંતુ પાણી ધીમી ગતિથી પસાર થતાં હોઈ અને વરસાદ ચાલુ રહેતા સમય લાગી રહ્યો છે.



(તસવીર : સમીર બલોચ)

# ઊંઝામાં વીજ કંપનીની ગ્રાહકલક્ષી સેવાઓ કથળી જતા ભારે રોષ

ઊંઝા, તા. ૩૦

ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઊંઝા શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારની કચેરીઓની ગ્રાહકલક્ષી સેવાઓ કથળી જતાં લોકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ઊંઝા શહેર અને તાલુકામાં સતત ચાર દિવસ સુધી વરસાદ પડતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. દરમિયાન છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લીધો છે. તેમ છતાં વીજતંત્રની કથિત ઉદાસીનતા યા નિષ્ક્રિયતાને કારણે હજી કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ચાલુ થયો નથી. પરિણામે લોકો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે.

ઊંઝા ખાતે આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીની સીહી અને રૂરલ ઓફિસમાં વીજતંત્રને લગતી ફરિયાદોના નિકાલમાં ભારે વિલંબ થઈ રહ્યો છે. સીહી ઓફિસનો લેન્ડલાઈન ફોન મુખ્યત્વે એંગેજ આવે છે અને જ્યારે રીંગ વાગે છે ત્યારે કોઈ ફોન ઉપાડતુ નથી. ગ્રાહકો વીજતંત્રની કચેરીએ રૂબરૂ ફરિયાદ કરવા જાય છે ત્યારે ફરજ પરના હાજર અધિકારીઓ, કર્મચારીઓ ફરિયાદો નોંધવામાં આનાકાની કરીને ગ્રાહકોને ઉદ્ધત જવાબો આપતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

# પ્રાંતિજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી યોજાઈ

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ માર્કેટયાર્ડની ચૂંટણી ગુરુવારના રોજ યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ તથા સલાલ ખાતે મતદારોએ મતાઅધિકારીનો ઉપયોગ કરી શાંતિ પૂર્વક મતદાન કર્યું હતું.



પ્રાંતિજ ખાતે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી માટે આજે મતદાન યોજાયું હતું. જેમાં વેપારી વિભાગમાં ૮ ઉમેદવારોમાંથી ૪ ઉમેદવારોને સેક્રેટરી ચંદુભાઈના સહયોગથી ટેકો જાહેર કરતા ૪ ઉમેદવારોને બીનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. જયારે સહકાર વિભાગમાં ૨ જગ્યા માટે ૪ ઉમેદવારો માટેનું મતદાન યોજાયું હતું. અને ખેડૂત વિભાગમાં ૮ જગ્યા માટે ૧૮ ઉમેદવારોનું ભાવી પણ મત પેટીમાં સીલ થયું હતું. જેમાં સહકાર વિભાગના ૨૨૭ મતદારોમાંથી ૨૨ મતદારોએ મતદાન કર્યું હતું. જે ૯૮ ટકા મતદાન થયેલ છે જયારે ખેડૂત વિભાગમાં ૪૨૬ મતદારોમાંથી ૪૧૯નું મતદાન થયું હતું. એમાં ૯૮ ટકા મતદાન થયું છે જયારે પ્રાંતિજ અને સલાલ એમ બંને જગ્યાએ શાંતિ પૂર્ણ મતદાન યોજાયું હતું.

(તસવીર : સંજય રાવલ)

# મેઘરજનો વૈડી બંધ ઓવરફ્લો થતા ૧૦ ગામડાઓના રહીશોને સ્થળાંતર કરવા તાકીદ

ઈસરી, તા.૩૦

ઉપરવાસમાં ભારે વરસાદ પડવાના કારણે અને મેઘરજ તાલુકામાં છેલ્લા ચાર દિવસથી મુશળધાર વરસાદે કાળો કેર વર્તાવતા સમગ્ર પંથકમાં તળાવો, ચેકડેમો, ખેતરો જળબંબાકાર થઈ ગયા છે. તાલુકામાં આવેલી વૈડીબંધ ઓવરફ્લો થઈ જતાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા ૧૦ ગામડાઓના રહીશોને સ્થળાંતર કરવા સુચના આપી છે.

છેલ્લા ૩ દિવસથી અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ૮ ઈંચ વરસાદ વરસી જતાં સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત થઈ જવા પામ્યું છે. જયારે મેઘરજ તાલુકામાં મૌસમનો કુલ ૨૪ ઈંચ વરસાદ નોંધાયાના અહેવાલો પ્રાપ્ત થયા છે. જયારે મેઘરજ તાલુકાના ઉપરવાસમાં ભારે વરસાદ પડવાના કારણે અને વૈડીબંધ વિસ્તારમાં મૌસમનો ૧૪ ઈંચ વરસાદ પડવાથી વૈડીબંધ આજ સુધીમાં ઓવરફ્લો થઈ ગયો છે. બંધની સપાટી ૧૯૯.૨૦ની સામે ૧૯૯.૩૦ થઈ જતા બંધની પરિસ્થિતિ ઓવરફ્લો થઈ જતાં બાકીના પાણીનો જથ્થો વેસ્ટવેયર (ઓટામાંથી) પસાર થવા પામ્યું છે. વૈડીબંધ ઓવરફ્લો થવાના કારણે મોટી-મોરી, જીવણપુર, જીતપુર, વડથલી, ગોઢા, મુન્સીવાડા, વાંક, કોટડા સહિતના ૧૦ ઉપરાંત ગાડાઓને સાવચેતીના પગલારૂપે પશુધનને ખેતરોમાં નહીં ચરાવવા તથા નાહવા અને નદી કિનારાના વિસ્તારોમાં ઉપર નહી જવા તાકીદ કરવામાં આવી છે. આ અંગે વૈડીબંધના અધિકારીઓએ મેઘરજ મામલતદારશ્રી ઓઝાને તેમજ તાલુકા વિકાસ અધિકારી મલીક અને તલાટી અને સર્કલને જાણ કરવામાં આવી હતી. આ અંગે મોડી સાંજે નાયબ મામલતદાર ભરતસિંહે તમામ તલાટીઓને ફોન દ્વારા જાણ કરેલ છે. વૈડીબંધ ઓવરફ્લો થતા બપોરના સમયે ૧૭૦૦ કયુસેક જયારે મોડી સાંજે ૭૦૦ કયુસેક પાણીની આવક થવા પામી હતી.

# ખેડબ્રહ્માનો વાસણા રોડ મોટા ખાડાઓથી નર્કાગાર બન્યો

ખેડબ્રહ્મા, તા. ૩૦

ખેડબ્રહ્મામાં સતત ત્રણ દિવસ અને રાત પડેલા મુશળધાર વરસાદથી શહેરના રસ્તાઓની હાલત બિસ્માર બની જવા પામી છે. તેમાં વાસણારોડ ઉપર પડેલા મોટા મોટા ખાડાને લઈ લોકો પરેશાન થઈ ગયા છે. આંજણા પટેલ સમાજ વાડી સામે પડેલ મોટા ખાડામાં એક દંપતિ પડી જવાથી ઈજાગ્રસ્ત થયું હતું. શોપીંગ સેન્ટરના ભોંયરામાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગુરૂવારે સવારે ગ્રેવીટી સ્કૂલની બસ ફસાઈ જતા જે.સી.બી.થી બહાર કાઢવામાં આવી હતી. ખેડબ્રહ્મામાં અનેક ઠેકાણે બજારમાં વરસાદી પાણી ભરાઈ જતા વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. ખેડબ્રહ્મા સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી વીજળી ગુલ થઈ જતા લોકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે.



(રમેશ વૈષ્ણવ)

# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાના ખમૈયા

સમગ્ર ગુજરાત રાજ્ય અને અરવલ્લી જિલ્લામાં શનિવારે સાંજથી સતત એકધારા અનરાધાર વરસાદ વરસતાં સોમવારે સાંજથી શરૂ થયેલા ભારે પવન સાથે વરસાદ શરૂ તતાં વાવાઝોડાની સ્થિતિથી અરવલ્લી જિલ્લામાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. મેઘરાજાએ સતત પાંચ દિવસ પછી વિરામ લેતા જનજીવન રાબોતા મુજબ થયું હતું. અરવલ્લી જિલ્લાના સંખ્યાબંધ ગામડાઓમાં ભારે પવનથી વિજપોલ તુટી જતા હજુપણ અંધારપટ છવાયો છે. અરવલ્લી જિલ્લાના તમામ તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી મુશળધાર વરસાદે કાળો કેર વર્તાવતા જિલ્લાના તળાવો, ચેકડેમો, ખેતરો, જળબંબાકાર થઈ ગયા હતા. અરવલ્લી જિલ્લામાં સીઝનનો સરેરાશ ૨૩ ઈંચ વરસાદ વરસી જતાં જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ભૂમિપૂત્રો વાવણીલાયક વરસાદ થતાં ખુશીથી ઝુમી ઉઠ્યા હતા. અરવલ્લી જિલ્લામાં પાંચ દિવસથી સતત મેહુલીયાએ હેત વરસાવતા જિલ્લાવાસીઓ ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસીબ સમજતા અરવલ્લી જિલ્લામાં જાણે મેઘરાજાએ કરફ્યુ લાદ્યો હોય તેવો માહોલ પેદા થયો હતો.


